## કેવી સામાજીક પરંપરા

છોકરો જન્મે એટલે આપણા મહોલ્લામાં થાળીનો અવાજ ગુંજી ઉઠે. ઘરમાં આનંદ–આનંદ થઈ જાય અરે ! પેંડાના પડીકાઓ વહેચાય. જયારે છોકરી જન્મે ત્યારે થાળી વાગે છે? મને ઘણીવાર સવાલો ઉત્પન્ન થતા, આવા તે વળી રીત–રીવાજ હોતા હશે?છોકરા/છોકરી માટે જુદી રીતરસમો અને ભેદરેખા? છોકરો એટલે સોનાનો અને છોકરી એટલે ગારાની? કેવી વિચિત્રતા !! મારા એ બધા સવાલોના જવાબ તો કોઈ આપતુ નથી. પરંતુ આપણે સૌ કોઈ જોઈએ જ છીએ કે છોકરીઓને કેટલા બંધન હોય છે? છોકરીઓએ છોકરીઓ સાથે જ રમવાનુ, છોકરી જ છોકરીની દોસ્ત થઈ શકે છોકરો નહી. નાનપણમાં તો છોકરાઓ સાથે હસતા–રમતા, તોફાન મસ્તી કરતા પરંતુ છોકરીઓ દસ–બાર વર્ષની થાય એટલે રોકટોક ચાલુ થઈ જાય છે. ઘણા વડીલો પોતાની છોકરીઓને થોડુ ઘણુ ભણાવે છે. તેનુ મન વિકસે, બુધ્ધિ ખીલે અને શિક્ષણ અંગે વિચારતી થાય ત્યાં તેના ભણતરમાં પૂર્ણવિરામ મૂકી ઘરકામમાં પરોવી દેવામાં આવે છે. છોકરીઓ અઢાર, વીસ વર્ષની થાય એટલે ઘરના વડીલો લગ્ન અંગે વાતો કરે છે. છોકરી મોટી થઈ, હવે તેના હાથ પીળા કરી દેવા જોઈએ , વર માટે શોધખોળ શરૂ કરે છે. સગા સંબંધીઓને સારૂ ઘર સારો છોકરો ધ્યાનમાં રાખવાનો સંદેશો મોકલાવે છે. લગ્ન છોકરીએ કરવાના છે, જીવન છોકરીએ જીવવાનુ છે, અને તેના માટે જીવનસાથીની શોધ વડીલો શરૂ કરે છે. પરંતુ તેમાં છોકરીનો વિચાર પણ જાણવો જોઈએ. શિક્ષિત અને સંસ્કારી વડીલો ના વલણ અને વ્યવહાર અંગે આપણને નવાઈ લાગે છે. આમ છતાય કહે છે કે ચાલતુ આવ્યુ છે એટલેએ રીતે જ ચાલવુ પડે. પરંપરા છે. તો સમાજ છે. એ બધી પરંપરાઓ અને રૂઢિરિવાજ તે જમાના માટે કદાચ અનુકુળ હશે, પણ એ સમય ગયો. હવે તો એક નવો જમાનો આવ્યો. સંજોગો બદલાયા, ગઈ કાલે હતુ તે આજે નથી. જૂની માન્યતાઓ, રીતરસમો અને પરંપરાઓને આજે પણ વળગી રહેવાનો કોઈ અર્થ ખરો? ગઈ કાલ સુધી છોકરીઓ ખપ પુરતુ જ ભણતી હતી, ઘરની ચાર દિવાલો વચ્ચે જ જીવતી હતી. રસોઈ અને ઘરકામ એજ એમની જીંદગી હતી. આજે તો છોકરીઓ ભણતી થઈ છે. ભણી–ગણીને નોકરી કરતી થઈ છે. કોઈ શિક્ષિકા તો કોઈ નર્સ, કોઈ ડોકટર તો કોઈ એન્જીનીયર કે સરકારી અફસર બને છે. એક નવી સ્ત્રીનો જન્મ થયો છે. ત્યારે આપણે જુની પરંપરાઓ અને રીતરીવાજો, માન્યતાઓને વળગી રહીએ એ તે કેવુ વિચિત્ર? અમને છોકરીઓને પણ આશાઅપેક્ષાઓ હોય છે, સ્વપ્નાઓ હોય છે. અમારી પોતાની પણ માન્યતાઓ હોય છે એ વાત કેટલા માતા–પિતાઓ સમજતા હશે? એ લોકો એમની રીતે જ વિચારે છે. ચીલો ચીતરવાની એમનામાં હિંમત નથી. અમે છોકરીઓ ભાગ્યે જ માતા–પિતાની ઈચ્છાની ઉપરવટ જઈએ છીએ. સારૂ–ખોટુ સમજતી હોવા છતાં મા–બાપે પસંદ કરેલા પાત્રની સાથે જ લગ્ન કરી લઈએ છીએ. છોકરીઓ માટે પહેલા પિયર એક પિંજરૂ હોય છે, લગ્ન પછી સાસરી પિંજરૂ બની જાય છે. પંખી એનુ એજ માત્ર પિંજરૂ બદલાય છે. મોટા ભાગની છોકરીઓ આવા રૂઢિચુસ્ત સમાજમાં જીવે છે. ઘણી છોકરીઓના મનમાં પણ આવાજ વિચારો હશે, પરંતુ હું આ વિચારોને ટપક માં પહેલા મૂકુ છુ. ઘણા વડીલોને આ વિચારો સ્પર્શતા હશે, તો તે પોતાની લાડકવાયી છોકરીઓને લાડકોડથી ઉછેરી તેના ભવિષ્યનુ વિચારવા મુકિત આપે તેવી અપેક્ષા...

**સંકલનઃ દયાબેન સેંજલીયા–બંસીધર જુથ, રબારીકા**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**

**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**

૩૧,ઓમનગર(૩), ગોકુલ ગાર્ડન સામે,

હનુમાનપરા રોડ, અમરેલી–૩૬૫ ૬૦૧

ફોન (૦૨૭૯૨) ૨૫૧૫૭,૩૦૮૮૯,૨૩૫૨૫

Fax : 02792 30880 E-mail : hard@ad1.vsnl.net.in

**ચારીત્રનુ ઘડતર એ જ કેળવણીનુ મુખ્ય લક્ષણ હોવું જોઈએ.**

**સંસ્થા સમાચાર**

(૧) સહભાગી જાતીય શિક્ષણ માટે લાઠી અને અમરેલી હીરા ઉદ્યોગ કારીગરો સાથે ઓગષ્ટ માસમાં નીડ એસેસમેંટ પૂર્ણ કરવામાં આવ્યુ. ૨ જી ઓગષ્ટના રોજ રિવ્યુ મીટીંગ યોજાઈ ૬ ટ્ટી ઓગષ્ટના રોજ કો–ઓર્ડીનેશન મીટીંગ રાજકોટ મુકામે લોક વિજ્ઞાન કેન્દ્રમાં મળી. છેલ્લી રિવ્યુ મીટીંગ તા. ૩૧ ઓગષ્ટે અમદાવાદ થયા પછી લક્ષિત સમૂહ પરના હસ્તક્ષેપ અંગે દરખાસ્ત તૈયાર કરવામાં આવશે.

(૨) તા.૧–૭ દરમ્યાન સંસ્થાના કાર્યકર બહેનો દ્વારા ચેતનાના સહયોગથી સ્તનપાન મહત્વને ધ્યાનમાં લઈ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેમાં ગ્રામિણ મહિલાઓ સાથે મીટીંગ યોજી સ્તનપાનનુ મહત્વ સમજાવવામાં આવ્યુ.

(૩) તા. ૩ ના રોજ સંસ્થાના કાર્યકરો સાથે જે કાર્યક્રમો સાથે સંકળાયેલા હોય તે કાર્યક્રમના માસિક મોનીટરીંગના ભાગરૂપ ચર્ચા માટે બેઠક યોજી, જેમાં થયેલ કામગીરીના અહેવાલ મેળ વી આગામી આયોજન કરવામાં આવ્યુ.

(૪) સંસ્થા સાથે જોડાયેલ ગ્રામિણ સંગઠનોના નેટવર્કની મીટીંગ સાળવા (ખાંભા) મુકામે મળી જેમાં ૧૬ સંગઠનોએ પોતાના કાર્યક્રમોમાં મળેલી સફળતા અને મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી.(તા.૯/૮/૨૦૦૧)

(૫) સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાના લાભાર્થીઓ માટે સરદાર યુવક મંડળ ધારી દ્વારા યોજવામાં આવેલ તાલીમ તા. ૧–૨ અને ૭–૮ દરમ્યાન આ સંસ્થાના તાલીમકાર મિત્રોએ સેવાઓ આપી હતી.

(૬) કોમ્પ્યુટર તાલીમના બહેનોએ ૧૫ મી ઓગષ્ટના રોજ યોજેલ પ્રવાસમાં હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના એમ્બ્રોઈડરી વર્ગના બહેનો પણ જોડાયા જેમાં રામનાથ, સાસણ, વેરાવળ કોડીનાર વિ.સ્થળોની મુલાકાત લેવામાં આવી.

(૭) પંચાયત જાગૃતિ ઝુંબેશના ભાગરૂપે ખાંભા મુકામે ચાલતા પંચાયત મહિલા માર્ગદર્શન કેન્દ્ર પર પંચાયતના આગેવાન બહેનોની તાલીમ તા. ૨૧ ના રોજ યોજવામાં આવી જેમાં પંચાયતના કાર્યો અને તેના આવકના સાધનો પર સમજ ઉભી કરવામાં આવી.

(૮) કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા આ મહિને ગ્રામિણ વિસ્તારમાં ૪ મીટીંગ યોજવામાં આવી જેમાં ૨૨૫ બહેનોએ કૌટુંબિક પ્રશ્નોમાં માર્ગદર્શન મેળવ્યુ. વ્યકિતગત પ્રશ્નોમાં ૫ વ્યકિતઓએ પોતાની રજુઆત કેન્દ્રમાં નોંધાવી.

(૯) યુવતિ વિકાસ કેન્દ્રમાં જુથ કાઉન્સેલીંગ ૪ જગ્યાએ કરવામાં આવ્યુ જેમાં ૧૨૦ બહેનોએ ભાગ લીધો. જયારે કેન્દ્ર પર આવી વ્યકિતગત ૨૬ બહેનોએ માર્ગદર્શન મેળવ્યુ.

(૧૦) સ્વનિર્ભર જુથો કુલ ૧૪૦ બન્યા છે જેમાં ૧૧૭ જુથોને બેંક સાથે જોડવામાં આવ્યા છે. બેંક સાથે જોડાયેલા જૂથો પૈકી ૩ જુથોએ બેંકમાંથી ધિરાણ મેળવ્યુ છે. ૧૦ જુથોએ વોટરશેડ યોજનામાંથી રિવોલ્વીંગ ફંડ મેળવ્યુ છે. બેંક સાથે જોડાયેલ જૂથો પૈકી જે જૂથ બેંકમાંથી ધિરાણ મેળવવા માંગે છે તે તમામ જૂથોને બેંકમાંથી ધિરાણ મેળવવાની કાર્યવાહીમાં સંસ્થાના કાર્યકરો મદદરૂપ થઈ રહયા છે.

**સંસ્થાને પત્રો**

વોટરશેડ યોજનામાં અમારા કૂવા રીચાર્જ થયા પછી મારા કૂવામાંથી ઓછો વરસાદ હોવા છતા કૂવા રીચાર્જીંગથી પાણી ભેગુ થવાથી અને ભૂગર્ભમાં સંગ્રહ થવાથી એક મોટરનું પાણી કૂવાની બહારથી વહેતુ ઝરણુ થઈ ગયુ છે. તે જોઈને મારૂ મન આનંદ ઉલ્લાસની લાગણી મનાવી રહયુ છે. કોઈ દિવસ આટલી ખુશી મળી નહોતી તે આ કૂવાનુ પાણી જોઈને મળી મને જે લાચારી દરીદ્રતા હતી તે જતી રહી. અને આ કામ જો દસ વર્ષ પહેલા થયુ હોત તો અમારા ગામમાં જે ૨૦૦૦ની સાલનો કપરો દુષ્કાળ પડયો તેમાં પીવાના પાણીની જે તકલીફ પડી અને ટેન્કરોમા ગ્રામજનોને લાઈનમાં ઉભા રહીને પાણીના બેડા ભરવા પડયા. અમારા ગામમાં વોટરશેડ યોજના આવી અને પાણીનો પ્રશ્ન હલ થયો સાથે લોક જાગૃતિ તથા સહભાગીતા આવી અમો એકબીજાના દુઃખમાં ભાગ લેવા લાગ્યા. અમોને એવી ભાવના થાય છે કે આ ગામ મારૂ કુંટુંબ છે. એકને દુઃખ હોય તો બીજો તેમને મદદ કરવા દોડે છે.

**– રમેશભાઈ હડીયા**

લાસા ગામના તેજસ્વી મહિલા મંડળને રિવોલ્વીંગ ફંડ મળ્યુ. આવા દુષ્કાળના સમયમાં કટોકટીના દિવસોમાં અમારા મંડળને વગર વ્યાજના રૂપિયા મળ્યા ને અમોને શાહુકાર પાસેથી વ્યાજમાંથી બચાવ્યા તેનો વ્યાજનો દર આશરે ૫ થી ૮ ટકા નો છે. સહભાગીતામાં કેટલી શકિત છે તે આ મહિલા મંડળની રચના કર્યા પછી અમોને ખ્યાલ આવે છે. આ ફંડ મળવાથી અમારી ખેતી–વાડીમાં ખાતર, જંતુનાશક દવા આ ફંડમાંથી અમે મેળવી શકયા અને અમારા કુંટુંબને મદદ કરી.

**– હેમીબેન તથા મંગળાબેન**

શાળામાં વિદ્યાર્થીઓનો પ્રવેશ ઉત્સવ પ્રસંગે વોટરશેડ સમિતિ દ્વારા લાસા પ્રાથમિક શાળાનાં મેદાનમાં વૃક્ષા રોપણ કરી, રેલી કાઢી અને સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ. ૧૦૦૦ નંગ સાગ તથા ૧૦૦ નંગ બાગાયતી રોપા સાથે તા. ૨૦ જુલાઈના રોજ નર્મદાવન મહોત્સવ ઉજવણી પ્રસંગે આરએફઓશ્રી શાંતિલાલ રાણવા ખેડૂતોને ઝાડ ઉછેર વિશે માહિતી આપી અને રોપાનુ વિતરણ કરેલ.

**–જેરામભાઈ પી. કોટડીયા, લાસા**

**તાલીમ અને માહિતી કેન્દ્ર તથા સ્તનપાન સપ્તાહ**

આશરા–પંચમહાલના ઉપક્રમે મહિલા સ્વરાજના સહયોગથી પંચાયત માહિતી કેન્દ્ર શરૂ કરેલ છે તેમજ પંચાયતીરાજમાં મહિલાઓની સહજ સામેલગીરી માટેની તાલીમો શરૂ કરવામાં આવી છે તેમ સંસ્થાના સંચાલકશ્રી **ઈશ્વરભાઈ યોગી**એ જણાવેલ છે. ૧–૭ ઓગષ્ટ દરમ્યાન સંકલીત બાળ વિકાસ યોજના–ગોધરા સાથે રહી આશરા સંસ્થાએ ધો–૧૨ની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો સાથે રહી સ્તનપાન સપ્તાહની ઉજવણી કરી હતી.

ડાંગ જીલ્લા આદિવાસી મહિલા વિકાસ ટ્રસ્ટ ચીચીનાગાંવડા પ્રમુખ શ્રીમતિ **કલાવતીબેન ચૌર્યા**એ જણાવેલ છે કે યુનિસેફ ગાંધીનગર તેમજ ચેતના અમદાવાદના સંયુકત ઉપક્રમે ડાંગના માનમોડી ગામે સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામા આવી.

**પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ**

ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી અમરેલી જિલ્લાના બાબરા–કુંકાવાવ તાલુકામાં પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ ૩૪ જળ મંદિર બનાવી સ્થાનિક લોકોને સોંપવા માટે તા. ૨૦/૭/૨૦૦૧ના રોજ જામબરવાળા હાઈસ્કુલમાં એક સમારંભ યોજવામાં આવ્યો. ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં નિગમના અધ્યક્ષશ્રી ગોવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. જેમાં નિગમના પ્રોજેકટ મેનેજરશ્રી તથા સ્ટાફ દ્વારા થયેલ સુંદર કામગીરીની સરાહના કરવામાં આવી હતી.

**સુલભ શૌચાલય**

રાજયના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જુનાગઢ જિલ્લા માટે ગ્રામિણ ગરીબોના જાહેર આરોગ્ય અર્થે શૌચાલય માટે સહાય આપવા નોડલ એજન્સી તરીકે પશુ પક્ષી પ્રાણી કલ્યાણ મંડળ–ખડીયાની નિમણૂંક કરવામાં આવી છે. આ સંસ્થાના ટ્રસ્ટીશ્રી આર. જી. અપારનાથીએ આ માહિતી આપવા જિલ્લાની ૪૪ સંસ્થાઓ સાથે એક દિવસની શિબિર યોજી હતી. અમરેલી જિલ્લા માટે આ કામગીરી શ્રી કુંડલા ગ્રામ સેવા મંડળને સોંપવમા આવી છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ્બ્રોઈડરી તાલીમ વર્ગના બહેનોએ તા. ૯/૮/૨૦૦૧ ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજયો હતો જેમાં તાલીમાર્થી બહેનો સંગીતા શીલુ, પ્રિતી મકવાણા,આશા તેરૈયા,પિનલ વેકરીયા, વર્ષા રામાણી, ફાલ્ગુનીઅમરેલીયા,પૂર્વીતાવ્યાસ,વર્ષા ડાભી,તૃપ્તિ ગોહીલ, સેજલકાબરીયા,હેતલ ગોસાઈ,તૃપ્તિ રાવલ,વર્ષા બાબરીયા, અલ્કા હોથી, રીના તેરૈયા, પ્રભા ગોહિલ વિ. બહેનોએ સીમાબહેન તથા જાગૃતિબહેનના માર્ગદર્શન હેઠળ રાસ, ગરબા, એક પાત્રીય અભિનય, ગીત, નાટક વિ. રજુ કર્યા હતા. આ કાર્યક્રમનો આરંભ શ્રીમતિ કંચનબહેનના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. બહેનોને પ્રોત્સાહિત કરવા માટે બિપીનભાઈ જોષી, જયંતિભાઈ તળાવીયા, ભરતભાઈ કાબરીયા તથા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના માર્ગદર્શક બહેનો ઉપસ્થિત રહયા હતા.

**માઉન્ટેરીંગ એસોસીએશન**

જિલ્લા કક્ષાએ સાહસિક કાર્યો સાથે જોડાયલા મિત્રો સાથે ડો. નાનકભાઈ ભટ્ટ દ્વારા યોજાયેલ મીટીંગમાં રાજય કક્ષાએ માઉન્ટેરીંગ એસોસીએશન રચવામાં આવ્યુ જેમાં અમરેલી થી મમતા ગૌસ્વામી, હિરલ ખાલપાડા તથા જલ્પા ધોળકીયાએ હાજરી આપી. (ગાંધીનગર ૯,ઓગષ્ટ ૦૧)

**અભિનવ યુવક સંમેલન**

યુવક વિકાસ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ મુકામે ૯ ઓગષ્ટના દિને યુવક સંમેલન યોજવામાં આવ્યુ. જેમાં થીમપેપર અને યુથ ચાર્ટરની પ્રસ્તુતિ કરવામાં આવી. ખાંભા તાલુકાના લાસા ગામના યુવક કાર્યકરોશ્રી કાળુભાઈ કાતરીયા તથા ઘુસાભાઈ હડીયાએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

**મહિલા અભિમુખતા કાર્યક્રમ**

બાળકેળવણી મંડળ તથા વિશ્વ વાત્સલ્ય સેવા ટ્રસ્ટ દ્વારા બગસરા મુકામે તા. ૨૫ ઓગષ્ટના રોજ મહિલા અભિમુખતા કાર્યક્રમ અંતર્ગત મહેંદી, શિવણ, કુકીંગ, ભરતકામ વર્ગના બહેનોને સામાજીક મુશ્કેલીઓમાં વધુ માર્ગદર્શન મળી રહે તે હેતુસર એક મીટીંગ યોજવામાં આવી. સંસ્થાના સંચાલકશ્રી દેવચંદભાઈ સાવલીયાએ સ્થાનિક પોસ્ટ ઓફીસ તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનો સહયોગ લીધો. પોસ્ટ માસ્તરશ્રી, યુવતિ વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટર વિજયાબેન કુકવાવ, કુટુંબ સલાહ કેન્દ્રના કાઉન્સેલર શ્રીમતિ રેખાબેન દોંગા, પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા, શ્રીમતિ કંચનબેન વાગડીયા, કુ. મમતા ગૌસ્વામી, વિ.એ ઉપસ્થિત બહેનો સાથે સંવાદ રચી રજુ થયેલ મુદાઓ આધારિત ચર્ચા કરવામા આવી.

**ચૂંટણી ઝૂંબેશ આયોજન બેઠક**

મહિલા સ્વરાજ અભિયાને ચૂંટણી ઝૂંબેશના ભાગરૂપે ગુજરાતના ત્રણ વિસ્તારોમાં નાટક શો યોજવા, તેમને આમંત્રિત કરવા અને તેના આયોજન માટે MSA સાથે સંકળ ાયેલ સંસ્થાઓની આયોજન બેઠક તા. ૩૧ ઓગષ્ટના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે પ્રતિકાર–સાંવલી, શાંતિગ્રામ નિમાર્ણ ટ્રસ્ટ–તણછા અને સર્વાંગીણ ગ્રામ વિકાસ સંસ્થા–પ્રાંતિજે નાટક માટે તૈયારી કરી છે.

**યોગ્ય માણસને યોગ્ય કામ સોપવું તે ઉતમ વહીવટકર્તાનુ લક્ષણ છે.**

# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ :૩ અંક : ૮ ઓગષ્ટ, ૨૦૦૧



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## સ્ત્રી મુકિત કે સ્વતંત્રતા

વિતેલા યુગમા સમાજે સ્ત્રીઓને એક સરસ પણ ચપોચપ ચોકઠામાં બેસાડી દીધી હતી. સ્ત્રી પાસેથી એવી અપેક્ષા રખાતી હતી કે તે સ્વચ્છ સુઘડ અને શણગાર સજજ હોય એવી આકર્ષકતા ધારણ કરી તે ઘરના દિવાનખાનામાં કંઈક ભરતકામ કે વાંચન કરતી બેઠી હોય. બહાર પુરૂષોની દુનિયામાં જઈ ચડવાની તેમને કોઈ જરૂર પણ નહોતી, અને અધિકાર પણ નહોતો. સ્ત્રીનુ સ્થાન ઘરમાં જ હતુ. ચમકદાર પરાધીનતા હતી. તેથી સ્વાભાવિક રીતે જ સ્ત્રીઓએ બંડ પોકાર્યુ. સ્ત્રીમુકિત, સ્ત્રીસમાનતાની હવા શરૂ થઈ. એ હવાએ બદલી નાખેલુ ચિત્ર હવે જોઈએ. વિતેલા જમાનામાં સ્ત્રીઓ પર સમાજે ખાસ છાપ મારી–ગૃહિણી, માતા, ઘરરખ્ખુ હસ્તી. હવે બદલાયેલા જમાનામાં પણ સમાજે જ સ્ત્રીઓ પર છાપ મારી આપી છે. અલબત જુદા રંગરૂપ અને આકારની છે, પણ મારનાર તો સમાજ જ છે. તે નવી છાપ એવી છે કે આજની સ્ત્રી અસામાન્ય હસ્તી છે. જે માણસજાતનું શુભ કરવા આકાશમાંથી ઉતરી આવી છે. હવે અપેક્ષા રખાય છે કે સ્ત્રીઓ તો ઘરના કાર્યો અને જવાબદારીઓ ઉપરાંત બીજા ઢગલાબંધ કાર્ય પણ કરી શકે છે. હવે વિશાળ ઉદ્યોગ કે વ્યાપારગૃહો મેનેજરીયલ હોદાઓ શોભાવી દીધા. પરીણામે બે હાથ અને એક મસ્તકવાળી સ્ત્રીએ ડઝનબંધ હાથ અને પાંચ–સાત દિમાગનું કામ એક જ દિવસે કરવાની તૈયારી રાખવી પડે. કોઈ જાદુગર તેની ચપળતા અને હાથ ચાલાકીના વિસ્મયજનક પ્રયોગો બતાવતો હોય તેમ સ્ત્રીએ ઘરના અને નોકરીના કાર્યો નિપટાવવા પડે છે. નોકરી પર હોય ત્યારે ઘરના, અને ઘરમાં હોય ત્યારે નોકરીના અનેક કાર્યો નજર સામે તરતા અને માથા ઉપર ઝળુંબી રહેલા દેખાય છે. અને સ્ત્રી તે બધાને યથાયોગ્ય રીતે સંભાળવાનો સંઘર્ષ કોઈ પણ રીતે કરતી રહે છે. ઓછી સ્ત્રીઓ ઘર બહાર વિવિધ કારકીર્દીના ક્ષેત્રે કાઠુ કાઢી શકી છે. 'શકિતમાન' તરીકે ઓળખાનાર સ્ત્રીઓ ખરેખર સુખી છે કે ઉપાધિઓ અને તણાવમાં છે ? સ્ત્રીની મુકિતનો ખરેખર અર્થ એ હોવો જોઈએ કે સ્ત્રીને પોતાની બાબતમાં પસંદગીનો અધિકાર હોવો જોઈએ.

**– રેખા દોંગા**

## આરોગ્યની જાળવણી

ચોમાસાની ઋતુ અત્યારે ચાલી રહી છે. આ ઋતુમાં વરસાદ પડવાથી ઠંડીનો થોડોક અનુભવ થાય છે. લોકોને તીખુ તળેલુ અને વધારે પડતુ બહારની વસ્તુઓ ખાવાની ઈચ્છા થાય છે. વરસાદ થમ્યો નથી કે માણસો બહાર નીકળી પડે છે હવે આ વરસાદની ભીની ઋતુમાં પાણીના ખાડા ઘણી જગ્યાએ ભરેલા રહે છે. સતત પાણી ભરાયેલુ રહેવાથી તેમાં ગંદગી ફેલાય છે અને માખી અને મચ્છરની ઉત્પત્તી તેમાંથી થાય છે. એ માખી મચ્છર બહાર ઉભી રહેતી નાસ્તાની ખુલ્લી રેકડીઓની ચીજ વસ્તુઓ પર બેસે છે. આવી વસ્તુઓ ખાવાથી મેલેરીયા કે સતત પેટનો દુઃખાવો રહયા કરે છે. આવુ ન થાય તે માટે આપણે આપણા ખાવા પીવાની વસ્તુઓમાં ધ્યાન આપવુ જોઈએ. ચોમાસામાં નદી, કૂવા, તળાવમાં નવા પાણી ચડેલા હોય તો પણ સતત પેટમાં દુખ્યા કરે છે તે માટે પીવાનુ પાણી હંમેશા ગરમ કરીને પીવુ, બહારની વાનગી કે ઠંડા પીણા ન પીવા, ઘરની આસપાસ ભરેલા પાણીના ખાડા ખાબોચીયા માટીથી પુરી દેવા, જંતુ નાશક દવાનો છંટકાવ કરવો, ઘરમાં મચ્છરથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો, ઘરના ખૂણા ખાચરામાંથી પુરતી સફાઈ કરવી કે ત્યાં મચ્છર રહેણાંક ન બનાવે આટલુ ધ્યાનમાં રાખવાથી આરોગ્યની જાળવણી થઈ શકે છે

**– અલ્કા હોથી**



Conduct

Think deeply. Decide correctly. Act carefully. Speak truthfully. Move tactfully. Work diligently. Talk gently. Behave properly. Do not twist words and topics. Avoid cunningness and crookedness.

**બુધ્ધિ અને હૃદયને સત્કાર્યમાં જોડવાની આવડત તે કેળવણી.**